# મંડળીના લોકોને પાડોશી તેમજ એકબીજાને મદદરુપ થવા તૈયાર કરો

યાકૂબે યરુશાલેમની મંડળીની કરી તેમ સમજપૂર્વક દેવના લોકોની દેખરેખ રાખો.

બાળકોને શીખવનારે સ્ટડી Olb વાંચવો.

**૧. કોરીંથ ૧૨-૧૪ અધ્યાયોમાંથી આત્મિક દાનો વિષે વાંચો.**

- દેવ આપણને આત્મિક દાનો કોના લાભ માટે આપે છે? (૧ કો. ૧૨:૪-૭)
- વિશ્વાસી પાસે કયું દાન છે તે કોણ નક્કી કરે છે ? (૧ કો.૧૨:૮-૧૧)
- દાનો અને તેના ઉપયોગની સરખામણી શેની સાથે થાય છે ?(૧ કો. ૧૨:૧૨-૧૩)
- આપણા દાનોનો ઉપયોગ કરવાનો સાચો હેતુ (૧ કો.૧૨:૩૧,૧૩:૧-૧૩)
- કોઈ એક દાન ઉપર વધુ પડતો ભાર મૂકવાની ભૂલ સુધારવી (અધ્યાય-૧૪)




**દેવ વિશ્વાસીઓને જુદા જુદા આત્મિક દાન આપે છે.**

ઘણીવાર એક કરતા વધારે દાન આપે છે જેથી આપણે આપણા પાડોશીને કે એકબીજાને મદદ કરી શકીએ.

- પવિત્ર આત્માં આપણા દરેકના કામોને પ્રેમમાં સંકલિત કરે છે. જે રીતે શરીરના જુદા જુદા અવયવો એક થઈને કાર્ય કરે છે તેમ.
- રૂમી ૧૨ :૪-૮, ૧ કોરીથ ૧૨ અને એફેસી ૪:૧૧-૧૬ માં ઘણા આત્મિક દાનોની સૂચિ છે.

**સમજદાર આગેવાન આ કામો કરવા માટે વિશ્વાસીઓને એક કરે છે.**

**દેવ આજ રીતે કાર્ય કરવા માંગે છે.**

- જેઓ દુ:ખમાંથી પસાર થઈ રહયા છે તેમની સેવા કરો (માત ૨૫:૩૧-૪૬) અને તેમને માટે પ્રાર્થના કરો (યો.૧૬:૨૪) પ્રાર્થનાના કાર્યમાં મધ્યસ્થી અને અશુધ્ધ આત્માઓ સામેના આત્મિક યુધ્ધનો સમાવેશ થાય છે હૃદયના બે ભાગ બે આત્મિક દાનો-દયા (રૂમી ૧૨-૮) અને વિશ્વાસી (૧ કો.૧૨:૯) બતાવે છે જયારે આ બે દાનો સાથે વિશ્વાસથી કાર્ય કરે છે ત્યારે આપણું તારણ સારા કામો ઉપજાવે છે (એફ ૨:૮-૧૦) ઇસુએ વિશ્વાસ કરનાર ધણાને સાજા કર્યા તેઓમાં એક કોઢિયો અને એક પલણટણનો ઉપરી હતો (માત ૮:૧-૧૩) ઘણા જૂના કરાકના વિશ્વીસીઓએ તેમના કાર્યો દ્રારા તેમનો માટો વિશ્વાસ બતાવ્યો હતો.(હે.૧૧)
- બીજાને મદદ કરવી અને તેમની સેવા કરવી તે દ્વારા આપણી ખ્રિસ્તમાં ઉન્નતિ થાય છે. (કોલો.૧:૨૮) મગજના બે ભાગો બે આત્મિક દાનો, જ્ઞાન અને વિઘા બતાવે છે. (૧કોરી ૧૨:૮) આનું ઉદાહરણ સુલેમાન રાજા છે. (૧રાજા ૩: ૫-૨૮)
- લોકોને દિલાસો આપવો (૨ કોરીથ ૧:૩-૭) આત્મિક સમસ્યાઓ શોધી કાઢવી (૧કોરી.૨:૧૪) આપની બે આંખો બે આત્મિક દાનો ભવિષ્યવચન (જેનો હેતુ દિલાસા અને દઢતા માટે હોય છે ૧ કોરી ૧૪:૨-૩) અને આત્માઓની પારખ કરવી (૧કોરી ૧૨:૧૦) તે બતાવે છે યશાયાહ આ બંને માટેનુ ઉદાહરણ છે (યશા.૪૦:૧-૧૪)

- વિશ્વાસીઓને તેઓ જેના ઉપર પાળક કરીકે છે તે ટોળા ની ઉન્નતિ અને આગેવાનોને તાલિમ (એફ ૪:૧૧-૧૨) માટે તૈયાર કરવા માં શિક્ષક તરીકેના દાન માટે છે (૧કોરી ૧૨:૨૮)એઝરા ઉદાહરણ (નહે.૮) પાઉલ પણ ગણી શકાય (૨ તિ ૨:૨)
- જે અન્ય ધર્મી પરદેશીઓ આધિન થતા ન હોય તેમને તેમની ભાષા બોલીને વિશ્વાસમાં લાવો (૧કોરીથ ૧૪ :૨૨) અન્યભાષા નું દાન આપણી જીભ બતાવે છે (૧કોરી ૧૨-૧૦) પચાસમાના દિવસે પ્રેરિતોએ તેમ કર્યુ (પ્રે ૨:૧-૧૮) વિશ્વાસીઓને અને આગેવાનોને વિશ્વાસમાં લાવો (૧કોરી ૧૨.૧૦) પચાસમાના દિવસે પ્રેરિતોએ તેમ કર્યુ (પ્રે ૨:૧-૧૮)
- વિશ્વાસીઓને અને આગેવાનને વિશ્વાસમાં અને દેવના કામોમાં દૃઢ રાખવા (૧કોરીંથી ૧૪.૨૬, પ્રેકૃ૧૪ :૨૧-૨૨) આપણા બે કાન ઉતેજન અંગેના દાન બતાવે છે (લોકોનુ સાંભળવા તત્પર રહેવુ જેથી તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકાય અને તેમની સેવા કરી શકાય રૂમી ૧૨ :૮) તેમજ અન્ય ભાષાઓના ભાષાતરનુ દાન (૧કોરીંથી ૧૨ :૧૦) બતાવે છે પાઉલે એફસસના વડીલોને પ્રોત્સાહન આપ્યુ (પ્રેકૃ. ૨૦ :૧૭-૩૮)
- ખ્રિસ્તના શરીરની સેવા કરવી અને જરુરિયાતવાળાઓની કાળજી રાખવી(ગલા ૫:૧૩,૬:૧૦)આપણા બે હાથ બે આત્મિક દાનો વિષે બોલે છે, સેવાનુ દાન (રૂમી ૧૨ : ૭) અને મદદનું દાન (૧કોરીંથી ૧૨ :૨૮) યરુશાલેમના પ્રથમના મદદગારોએ વિધવાઓની સેવા કરી. (પ્રે૬.૧-૬)
- માંદાઓને સાજા કરવા (લુક ૧૦.૯) અને દાન આપવુ (લુ.૬.૩૮) બે હથેળીઓ આત્મિક દાનો વિષે બોલે છે. સાજાપણુ અને ચમત્કારો (૧ કોરીંથી ૯ :૧૦) અને દાન આપવુ (રૂમી ૧૨ :૮) પાઉલે પબ્લીયસના પિતાને સાજો કર્યા (પ્રે.૨૮:૭-૮) અને દરકાસે ઉદારથી આપ્યુ (પ્રે.૯:૩૬)
- બીજાઓ અનુસારી શકે તેવો માર્ગ તૈયાર કરવો (૧ કોરી ૧૧:૧)આપણા બે પગ દોરવણીના દાનો વિષે બોલે છે જેમાં આગેવાની (રૂમી ૧૨:૮) અને વહીવટ (૧ કોરીથ ૧૨ :૨૮) આવે છે દાઉદના રાજા પાસે આ બંને હતા (૧ શમુ.૨૩ :૧-૫; ૨ શમૂ ૫)
- ખ્રિસ્તને પ્રગટ કરવો (લુ ૨૪ : ૪૬-૪૮,પ્રે.૧-૮) આપણા બે પગ (નીચેના ભાગો) આ વિષે બોલે છે. પ્રેરિતપદ (મિશનરીઓ) અને સુવાર્તાપ્રચાર (એફે ૪:૧૧-૧૨) પાઉલ આ બંનેના ઉદાહરણ રુપે છે. (રૂમી ૧૫ :૨૦-૨૧)

હવે **પ્રેરિત ૧૫:૧-૩૧** કાળજીપૂર્વક વાંચો તેમાં યાકુબ અને અન્ય મંડળીના આગેવાનો ભેગા મળ્યા છે. જેઓ યહૂદી બંને છે તેમાં ધાર્મિક વિધિઓ અંગેની સમસ્યા એક મનના થઈને ઉકેલવા અંગેની બાબત છે યરુશાલેમની મંડળીમાં યાકુબ એક અગ્રણી પાળક હતો તે વખતે મંડળીઓમાં બે સંસ્કૃતિના લોકો હતા.

**પૂર્વભૂમિકા-** યહૂદીઓ સદીઓથી જૂના કરારના નિયમો પાળતા હતા જેમાં પશુઓના બલિદાનો, ભાઇ મૃત્યુ પામે તો તેની પત્નીને પરણીને ભાઈનો વંશ ચાલુ રાખવો શનિવારે કામ કરનારને દેહાતદંડ,યરુશાલેમમાં જ ભજન કરવું એ અને એવા અનેક એવા વિસ્તૃત નિયમો તેઓ પાળતા હતા.

- મોટા ભાગના બિનયહુદી વિશ્વાસીઓ યહુદીઓના આ નિયમો બાબતે અજ્ઞાન હતા આજે પણ કેટલાક વિશ્વાસીઓ આ નવા કરારના નિયમો પાળવાનો પ્રયાસ કરે છે અને પવિત્ર આત્માને તેમનામાં કામ કરતા અટકાવે છે
- પ્રભુ ઈસુએ શિખવ્યુ કે આપણે દેવ ઉપર અને આપણા પાડોશી ઉપર આપણા જીવ જેવો પ્રેમ રાખીને દેવનો નિયમ પાળીએ (માત્થી ૨૨ :૩૭-૪૦; રૂમી ૧૩ :૮-૧૦) પ્રેમ એ પવિત્ર આત્માનું ફળ છે (ગલાતી ૨ :૨૨) દેવે જૂના કરારને રદ કર્યો છે તેનું શિક્ષણ ૨ કોરીથ ૩ :૬-૧૮ અને હેબ્રી ૮: ૬-૧૩ માં મળે છે.

**હવે પ્રેરિત ૧૫ માં અધ્યાય માં જુઓઃ**

- તારણ પામવા માટે માણસે શું કરવુ જોઈએ તે વિષે કેટલાક યહુદી વિશ્વાસીઓ શું માનતા હતા ? (જ પ્રે ૧૫.૧)
- કેટલાક વિશ્વાસી ફરોશીઓ બિનયહુદી વિશ્વાસીઓ ઉપર કયો નિયમ લાદવા માંગતા હતા ? (ફરેશી - ચુસ્ત યહુદી પંથ) (જવાબ- પ્રે ૧૫.૨-૫ પ્રાચિન ઈસ્ત્રાએલ માટે જુનો કરારના યહુદીઓ માટે નહી)
- પીતરની સલાહ (પ્રે ૧૫.૬-૧૧માં જુઓ)
- કયા લોકોમાં પાઉલ અને બાર્નાબાસે દેવને ચમત્કારિક રીતે કામ કરતા જોયો હતો ? (પ્રે ૧૫:૧૨)
- યાકુબના કયા સૂચનથી પ્રશ્ન હલ થયો ?(પ્રે .૧૫: ૧૩-૨૧)
- પરિણામ (પ્રે.૧૫:૨૨-૩૧ જૂઓ)

**૨. અઠવાડીયાની પ્રવૃતિઓ વિષે સાથીદારો સાથે આયોજન કરો**

જે વિશ્વાસીઓ હજુ બીજાને મદદ કરતા નથી તેમની મુલાકાત લો અને તેમ કરવા પ્રોત્સાહન આપો તમારા ટોળામાં ઉણપ હોય તેવી ઉપરની કોઈ પણ પ્રવૃતી અથવા કામ શરુ કરો.

**૩. આગામી ભજનસેવામાં ચાલુ જરુરિયાતો પૂરી કરવા બાબતે સાથીદારો સાથે આયોજન કરો**

દેવ જે કામો આપણી પાસે કરાવવા માંગે છે તે અને તેને લગતા દાનો સંબધી **સમજણ આપો.**

યાકૂબે અને બીજાઓ વિશ્વાસીઓ જે રીતે એકબીજાની સાથે એકતામાં રહ્યા તે **વર્ણવો.** ઉપર જણાવેલ પ્રશ્નો પૂછો.

**બાળકો** એ તૈયારી કરી હોય તે તેમને રજૂ કરવા દો

**પ્રભુની મેજ**ની સેવા માટે યો.૧૭ :૧૮-૨૪ વાંચો પ્રભુ ઈસુએ પ્રભુ ભોજનની સ્થાપના કરતી વખતે આપણી પ્રેમ યુકત એકતા માટે પ્રાર્થના કરી તે સમજાવો.

બે કે ત્રણના જૂથમાં ભેગા મળીને આત્મિક દાનો અને આયોજન બાબતે ચર્ચા કરો

એફેસી ૪ :૧૪-૧૭ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના** : હે પ્રભુ, બીજાઓના આત્મિક દાનો માટે આદર કરવા અને અમારા પોતાના માટે અભિમાનથી દૂર રહેવા અમારી સહાય કરો.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.